## ડાયરેક્ટ ❤ સે

પરમાત્મા
આપણું ભાગ્ય નથી લખતા.
આપણા વિચારો,
આપણો વ્યવહાર અને
આપણાં કર્મો જ
આપણું ભાગ્ય લખે છે.

## જન્મદિને વધામણી



**દિલીપસિંહ અજીતસિંહ બિહોલા**
**એડવોકેટ**
**મો. ૯૪૨૬૩ ૭૯૨૫૨**



**દિલીપ પ્રજાપતિ**
**પત્રકાર, ઈ ટીવી**
**મો. ૯૭૨૫૬ ૪૭૧૯૭**

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આજથી પલ્મોનરી ડિસીઝ અંગે ૨૦મી નેશનલ કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

આજથી અમદાવાદમાં ૨૦મી નેશનલ કોન્ફરન્સ ઓન પલ્મોનરી ડિસીઝ (નેપકોન-૨૦૧૮) યોજાઈ રહી છે.

અમદાવાદમાં ૧૪ વર્ષ બાદ યોજાઈ રહેલી આ કોન્ફરન્સમાં વિશ્વના વિવિધ દેશોમાંથી ૬૦ તબીબો સહિત ભારતના ૪૦૦ એક્સપર્ટ્સ ઉપસ્થિત રહેશે. કોન્ફરન્સનો મુખ્ય હેતુ નવાં સંશોધનોને પ્રાધાન્ય આપવાનો રહેશે. બીજી ડિસેમ્બર સુધી આ કોન્ફરન્સ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવશે, જેમાં ભારતભરમાંથી ૩૧૦૦ તબીબો અને તબીબી વિદ્યાર્થીઓ ભાગ લેશે. વિવિધ તબીબો પોતે કરેલાં સંશોધનો અહીં રજૂ કરશે અને કેવી રીતે નવાં સંશોધનો કરી શકાય તે અંગેની માહિતી પૂરી પાડશે.

ચાર દિવસની આ કોન્ફરન્સમાં ૧૯ વર્કશોપ યોજાશે, જેમાં ટીબી, લંગ કેન્સર, ક્રિટિકલકેર, એલર્જી, રિસર્ચ, બાળરોગ, ફેફસાંના જુદા જુદા રોગો સહિતના મુદ્દા પર મહત્ત્વની જાણકારી નિષ્ણાત તબીબો દ્વારા પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત લોકોને ફેફસાંના રોગ અંગે માહિતી પણ આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લાં ૧૯ વર્ષથી આ કોન્ફરન્સ દેશના જુદા જુદા ભાગોમાં યોજાઈ રહી છે. અગાઉ ૨૦૦૪માં અમદાવાદ ખાતે આ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ નવાં સંશોધનોનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગેની જાણકારી આપવાનો છે, જ્યારે બીજો હેતુ ક્લિન એર, હેલ્ધી એન્વાયર્મેન્ટ અને હેલ્ધી લાઈફનો પણ છે. કોન્ફરન્સમાં ધૂમ્રપાન છોડવવા માટેના ઉપાયો વિશે પણ જાણકારી આપવામાં આવશે, જેમાં ઈ-સિગારેટ પણ નુકસાનકારક છે કે નહીં તે અંગે ડિબેટ યોજવામાં આવશે તથા સિગારેટથી થતાં નુકસાન અંગે જાણકારી આપવામાં આવશે. કોન્ફરન્સમાં ભાગ લેવા ઓસ્ટ્રેલિયા, તુર્કી, યુએસએ, જર્મની, યુકે સહિતના દેશોના નિષ્ણાત તબીબો આવી રહ્યા છે.

### અમદાવાદ ખાતે રવિવારે

# રૂરલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ દ્વારા રૂરલ રિહેબિલીટેશન એવોર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૨૮

શ્રીમતી નંદિની પી દિવેટીયા રૂરલ રિહેબિલીટેશન એવોર્ડ-૨૦૧૮ અને શ્રીમતી નંદિની પી દિવેટીયા રૂરલ રિહેબિલીટેશન ઈન્સ્ટીટ્યુટશનલ એવોર્ડ-૨૦૧૮ માટે સમારોહનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ, ગોતા, અમદાવાદના માનદ ચેરમેન એમ પી દિવટીયાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આગામી તા. બીજી ડિસેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે ઈન્સ્ટીટ્યુટ ખાતે આ સમારોહ યોજવામાં આવશે. કવિ, નાટ્યલેખક, ટ્રાન્સલેટર અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદ્મશ્રી શિતાંશુ યશચંદ્ર આ સમારોહના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેશે અને તેમના હસ્તે ગુજરાતના ૧૪ અને મહારાષ્ટ્રના ૭ મળી કુલ ૨૧ દિવ્યાંગોને આ એવોર્ડ એનાયત કરવામાં આવશે. એવોર્ડ સાથે ૧૫ હજાર રૂપિયા રોકડા અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. ઉપરાંત બે સંસ્થાઓને ઈન્સ્ટીટ્યુશનલ એવોર્ડ પણ એનાયત કરવામાં આવશે.

# એસ. જી. - એસ. વી. શાળામાં ક્રાફ્ટની પ્રવૃત્તિ યોજવામાં આવી



એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં મંગળવારે ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓએ આઈસક્રીમ ખાવાની લાકડીમાંથી ઘરવપરાશની વસ્તુ જેવી કે ખુરશી, હિંચકો, જોકર, ડોલ, બાસ્કેટ, કપ તેમજ બીજી અલગ અલગ વસ્તુઓ બનાવી હતી. બાળકોમાં સર્જનાત્મક વિકાસ થાય તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃતિમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# નવા-જૂના ગાયકો માટે સ્મિત મ્યુઝિક દ્વારા 'ગીત ગાતા ચલ' સ્ટેજ કાર્યક્રમ યોજાયો





સ્મિત મ્યુઝિક દ્વારા ગાંધીનગરના નવા-જૂના ગાયકો માટે ફિલ્મી સોંગ્સ ટ્રેક શો 'ગીત ગાતા ચલ' તાજેતરમાં આંબેડકર હૉલમાં યોજવામાં આવ્યો હતો. ગાયકો દ્વારા સુંદર ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાયકોને પ્રોત્સાહન આપવા હસમુખ પટેલ, ચેતન સુખડીયા, જગતભાઈ કારાણી, સંજય થોરાત ઉપસ્થિત રહ્યા હતા.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૩૯મો મણકો ॥**

પણ નહેરુને ગળે વાત ન ઉતરી. ૨૯ મિનીટ માટે ગાંધીજી ઊંઘી ગયા એ સમય એમને મળી ગયો. એ દરમ્યાન પોતાની સાથે લાવેલા બિલ્લા તેમણે સૌને આપી દીધા અને તે લગાવવા માટે કહી દીધું. તેમણે ગાંધીજીનેય બિલ્લો લગાવવાનું વિચાર્યું ને સૂતેલા ગાંધીજીની ચાદર પર બિલ્લો લગાવી દીધો. પણ તેમની ગણતરીમાં ભૂલ થઈ હોય તો તે એટલી જ કે ૨૯ મિનીટ અને ૩૦ મિનીટ વચ્ચે ૬૦ સેકન્ડનું અંતર હોય છે !



ચાદર પર તેમણે બિલ્લો લગાવ્યો એ ગાંધીજી જાણી ગયા હતા. પણ કંઈ બોલ્યા નહીં. શાંતિથી ઊઠ્યા અને ચાદર તેમણે ઊંધી વાળી લીધી. એવી રીતે વાળી કે પેલો બિલ્લો અંદર દબાઈ ગયો, બહાર દેખાય જ નહીં.

એ સમયે અમદાવાદની વસતી હતી ચારેક લાખની. અને દાંડીકૂચ માટે તેમને વિદાય આપવા માટે ૧ લાખ લોકો એકત્ર થયા હતા. જોકે, તે બધા કંઈ અમદાવાદના ન હતા, આસપાસનાં ગામોમાંથીય ઘણા લોકો આવ્યા હતા. ભાવનગરથી પટ્ટણીસાહેબ જેવાય આવ્યા હતા, જેમના માટે એવો ગણગણાટ હતો કે પટ્ટણીસાહેબ તો સરકારના માણસ છે, સરકારે તેમને અહીં મોકલ્યા છે. જોકે, પટ્ટણીસાહેબે કહ્યું હતું, 'હું તો અહીં જે મહાભિનિષ્ક્રમણ થવાનું છે એનો સાક્ષી થવા આવ્યો છું.' અનેક પ્રકારના લોકો આવ્યા હતા.

ગાંધીજીની કૂચ ચાલે તેની આગળ આગળ ગૂજરાત વિદ્યાપીઠની એક ટૂકડી ચાલતી, અરુણ ટૂકડી. અરુણોદય થાય તે પહેલાં આ ટૂકડી ઊઠીને કામે લાગી જતી એટલે તેનું નામ અરુણોદય ટૂકડી. ગુલામ રસૂલ કુરેશી તેના વડા. આ ટૂકડી ગાંધીજી પહોંચે તે પહેલાં જે તે ગામમાં પહોંચી જાય. તેની કામગીરીમાં પાયખાનાંનાં ટ્રેન્ચીસ ખોદી રાખવાં, ગામમાં સફાઈની વ્યવસ્થા કેવી છે, ખાવાની વ્યવસ્થા કેવી છે, પાણીની વ્યવસ્થા કેવી છે વગેરેનો સમાવેશ થતો. પણ સાથે સાથે આ ટૂકડી ગામમાં કેટલી વસતી છે, કેટલા પુરુષો, કેટલી મહિલાઓ, ગામનો મુખ્ય વ્યવસાય કયો, પશુપાલન કેટલું, ગામમાં કેટલું મીઠું ખવાય વગેરે બાબતોની પણ માહિતી મેળવી લેતી અને એ માહિતીના આધારે ગાંધીજીનાં ભાષણો થતાં.

૧૫૦ ગાંધીયાત્રા

ખેડા જિલ્લામાં ૧૦૫ વર્ષના એક માજી પણ ગાંધીજીનાં દર્શન કરવા ઈચ્છતા હતા. પણ પોતાના અશક્ત શરીરને કારણે ઘરની બહાર નીકળી શકે એમ ન હતા. ગાંધીજીને એ સમાચાર મળતાં પોતે સામે ચાલીને માજીને મળવા ગયા, માજીને પગે લાગ્યા તો માજીએ તેમને ના પાડી, કહ્યું : 'તમે તો મહાત્મા છો.' ગાંધીજીએ કહ્યું, 'પણ તમે ઉંમરમાં મારા કરતાં મોટા છો. તમે મને આશીર્વાદ આપો.' માજીએ કહ્યું : 'સવરાજ લઈને વહેલા આવજો.' આખા દેશનો વિશ્વાસ આ ૧૦૫ વર્ષનાં વૃદ્ધાએ વ્યક્ત કર્યો હતો. એ પછીના દિવસોમાં સુરત જિલ્લાના ભટગાંવ ગામમાં ગાંધીજી બોલ્યા હતા : 'કાગડા-કૂતરાના મોતે મરીશ, સ્વરાજની ઝંખના કરતો રઝળી-રવડીને મરીશ, પણ સ્વરાજ લીધા સિવાય આશ્રમમાં પાછો નહીં ફરું.'

દાંડીના દરિયાકિનારે પહોંચીને તેમણે ચપટી મીઠું ઉપાડ્યું. તેમણે એવો પણ આદેશ આપ્યો હતો કે હું પહેલાં મીઠું પકવું પછી કાયદાનો ભંગ કરવો. એવું થયું પણ ખરું. અનેક લોકોએ તેમના પછી મીઠું પકવ્યું. હેતુ એક જ હતો : અન્યાયી કાયદાનો ભંગ કરવો. આમ જોઈએ તો એ સામાન્ય બાબત લાગે. અંગ્રેજ સરકાર પણ એમ કહેતી કે એક ચપટી મીઠું ઉપાડ્યું એમાં શું મોટી વાત ? પણ એ જ અંગ્રેજ સરકારે એવું નોંધ્યું છે કે, તે વખતે તેમની સાથે થવા અનેક લોકોએ મળીને પોણોસો મણ મીઠું પકવ્યું હતું ! જ્યાં દરિયાકિનારો નહોતો ત્યાંય લોકોએ મીઠું પકવ્યું હતું !

મોતીલાલ નહેરૂએ ગાંધીજીને લખેલા એક કાગળમાં સવાલ પણ કર્યો હતો : 'વાઈસરૉયને તમે લખેલા કાગળમાં સત્યાગ્રહ વિશેની અગ્યાર શરતો જણાવી છે, તે તો ઠીક છે, પણ તેમાં આ ચોથી શરત- મીઠાની ? આ મીઠાનું શું છે ?' મોતીલાલ નહેરુનો અંગ્રેજીમાં ટાઈપ કરેલો આ કાગળ ગાંધીજીને મોડો મળ્યો. મળ્યો ત્યારે દાંડીકૂચ શરૂ થઈ ચૂકી હતી. ગાંધીજીએ તેમને પોસ્ટકાર્ડ લખ્યું અને હિન્દીમાં એટલું જ જણાવ્યું, 'આઝમાકે દેખો.' આથી મોતીલાલ નહેરુએ અંગ્રેજ સરકારને પત્ર લખી જાણ કરી કે 'અલ્હાબાદમાં સવારે નવ વાગે હું ચૉકમાં મીઠું પકવી કાયદાનો ભંગ કરીશ.' પરંતુ સવારે ૭ વાગે જ તેમની ધરપકડ માટે પોલીસ આવી ગઈ. પોલીસ સાથે જતાં અગાઉ મોતીલાલજીએ ગાંધીજીને કાગળ લખ્યો, ટાઈપ કરાવીને નહીં, હાથથી લખ્યો, પોસ્ટકાર્ડ લખ્યું અને તે પણ હિન્દીમાં : 'આજમાનેસે પહેલે હી દેખ લિયા.'

મીઠાના કાયદાનો ભંગ એ અન્યાયિક કાયદા સામે વિરોધનો સંકેત હતો. આ એવો અન્યાયી કાયદો હતો જેનો વાઈસરોયથી માંડીને અનેક અંગ્રેજ અધિકારીઓએ પણ વિરોધ કર્યો હતો. મહાદેવભાઈ દેસાઈએ તો 'સબરસ' નામની એક પુસ્તિકા તૈયાર કરી હતી, જેમાં કયા અધિકારીઓએ આ કાયદાનો વિરોધ કર્યો હતો તેનો ઉલ્લેખ છે. દરિયાકિનારે રહેનારો જ મીઠું ન પકવી શકે તે કોઈ કાયદો કહેવાય ? તેથી આ સાંકેતિક વિરોધ હતો. સંકેત એ એલજિબ્રા જેવો છે, જેમાં xની કિંમત પ્રમાણે y નક્કી થાય છે. મીઠાના કાયદાનો ભંગ એ સ્વરાજ માટેનો x હતો. (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સોનગઢમાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા માર્ચ મહિનામાં તાપી જિલ્લાના સોનગઢમાં કૉલેજના વિદ્યાર્થીઓ માટે પોલીસ કૉન્સ્ટેબલ બનવા માટેની પરીક્ષાની તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમના ભાગરૂપે વિદ્યાર્થીઓને ત્રણ દિવસ રિવિઝન કરાવવામાં આવ્યું હતું અને ૪ પેપરની પરીક્ષા લેવામાં આવી હતી. ૩૨ બહેનો અને ૨૮ ભાઈઓએ સવારે ૯થી સાંજે ૬ સુધી ઉપસ્થિત રહી તાલીમ ગ્રહણ કરી હતી. આ પરીક્ષા તા. ૨ ડિસેમ્બરના રોજ યોજાઈ રહી છે. વનવાસી વિસ્તારમાં યોજવામાં આવેલા આ ઉપક્રમ અંતર્ગત બપોરનું ભોજન પણ તાલીમાર્થીઓને આપવામાં આવ્યું હતું. સમગ્ર ઉપક્રમ માટે કૉલેજના આચાર્ય ડૉ. રાજેશ પટેલે ખૂબ જહેમત ઉઠાવી હતી. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં અરવિંદસિંહ, ઉર્મિલાબેન, શ્રુતિબેન, મિલિન્દભાઈ જોડાયા હતા.

### ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સ્વરાંજલિ કાર્યક્રમ યોજાયો

# મહાત્મા ગાંધીજીને પ્રિય એવાં મેઘાણીગીતોની પ્રસ્તુતિ થઈ



## કુસુમબેન મેઘાણી પ્રત્યે લાગણી અને આદરભાવથી પ્રેરાઈને અભેસિંહભાઈ રાઠોડ અને સહુ કલાકારોએ સ્વરાંજલિ અર્પણ કરી

ગાંધીનગર, તા. ૨૭

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં પુત્રવધૂ, પિનાકી મેઘાણીનાં માતા તથા આજીવન સમાજસેવિકા - પૂર્વ સાંસદ સ્વ. જયાબેન વજુભાઈ શાહનાં નાનાં બહેન સ્વ. કુસુમબેન નાનકભાઈ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં અમદાવાદ સ્થિત મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ઐતિહાસિક ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ગાંધીજીને પ્રિય એવાં મેઘાણી-ગીતોનાં 'માતૃવંદના' સ્વરાંજલિ કાર્યક્રમનું આયોજન થયું હતું.

ગુજરાતનાં ખ્યાતનામ લોકકલાકાર અભેસિંહ રાઠોડ, રાધાબેન વ્યાસ, નીલેશ પંડ્યા, ઋષભ આહીર અને ગંગારામ વાઘેલા ઝવેરચંદ મેઘાણી રચિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનો રજૂ કર્યાં હતાં. જાણીતા સંગીતકાર પંકજ ભટ્ટનું સૂરીલું સંગીત નિયોજન હતું.

કુસુમબેન મેઘાણી પ્રત્યે લાગણી અને આદરભાવથી પ્રેરાઈને અભેસિંહભાઈ રાઠોડ અને સહુ કલાકારોએ સ્વરાંજલિ અર્પણ કરી હતી જે ખાસ ઉલ્લેખનીય છે. વાદ્ય-વૃંદમાં ચંદ્રકાંત સોલંકી (તબલા), ગૌતમ પરમાર (ઢોલક), જયંતી કબીરા (વાયોલીન), હેમુ પરમાર (બેન્જો), જગદીશ વાઘેલા-મોહિત વાઘેલા (મંજીરા)એ બખુબી સાથ આપ્યો હતો. સાઉન્ડ સિસ્ટમની સેવા અમદાવાદના શ્રધ્ધા સાઉન્ડના બહાદુરસિંહ દ્વારા આપવામાં આવી હતી.

વિવિધ મેઘાણી-સ્મૃતિ કાર્યક્રમો માટે પ્રેરણાસ્તોત્ર કુસુમબેન મેઘાણીની સ્મૃતિમાં આ વિશેષ કાર્યક્રમનું આયોજન ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા કરાયું હતું. આયોજનમાં ગૂજરાત વિદ્યાપીઠ તેમજ અભેસિંહભાઈ રાઠોડ, ગોવિંદસંગભાઈ ડાભી, શૈલેષભાઈ સાવલીયા, જતીનભાઈ ઘીયાનો સવિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

### ચાઈલ્ડ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટ અને બાળ સુરક્ષા સંબંધિત કાયદાઓ અંતર્ગત

# મહેમદાવાદ તાલુકાની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો માટે "ક્ષમતાવર્ધન અને પ્રેરણાસ્ત્રોત તાલીમ કાર્યક્રમ" યોજાયો




ગાંધીનગર, તા. ૨૮

જિલ્લા બાળ સુરક્ષા એકમ નડીઆદ દ્વારા શિક્ષક ભવન હોલ, મહેમદાવાદ ખાતે તાલુકા કક્ષાએ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો સાથે ચાઈલ્ડ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટ અને બાળ સુરક્ષા સંબંધિત કાયદાઓ, યોજનાઓનું માર્ગદર્શન આપતો એક દિવસીય વર્કશોપ યોજાયો હતો.

એચ. એચ. પાઠક, મામલતદાર મહેમદાવાદના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અરવિંદભાઈ ડાભી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, દિપકભાઈ સુથાર, બી. આર. સી., મહેમદાવાદ, અર્જુનભાઈ ડાભી, મહેમદાવાદ તાલુકા શિક્ષક મંડળીના પ્રમુખ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશભાઈ પટેલ, તેમજ વિષય નિષ્ણાત તરીકે અમદાવાદથી આમંત્રિત કરાયેલ ટ્રેઈનર અને મોટીવેટર યોગેશ પોટા સાહેબ અને જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા ચાઈલ્ડ લાઈનનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહયો હતો.

આ કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા અને હેતુ બાબતે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશભાઈ પટેલ દ્વારા માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ કાર્યક્રમમાં વિષય નિષ્ણાત તરીકે આમંત્રિત કરાયેલ ટ્રેઈનર અને મોટીવેટર શ્રી યોગેશ પોટા સાહેબ દ્વારા બાળક શું છે ? બાળક સાથે એક શિક્ષક, એક માતા-પિતા કે એક વાલી તરીકે કેવી રીતે વર્તન અને વ્યવહાર કરવા, કેવી રીતે બાળકને પ્રોત્સાહિત કરવા, કેવી રીતે બાળકનો વિકાસ થઇ શકે વગેરે બાબતો ઉપર રમુજી રીતે વિવિધ ચિત્રો, વિડિયો તથા તાલીમ દરમ્યાન વિવિધ ગૃપ એકટીવીટી કરાવી સમજ પુરી પાડેલ હતી.

જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદના સુરક્ષા અધિકારી (સંસ્થાકિય સંભાળ) ડો. અલકાબેન રાવલ દ્વારા જે.જે.એકટ-૨૦૧૫, લિગલ કમ પ્રોબેશન ઓફિસર શ્રી કિર્તિબેન જોષી દ્વારા પોકસો એકટ-૨૦૧૨ તથા બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ તથા સુરક્ષા અધિકારી (બિનસંસ્થાકિય સંભાળ) શ્રી કૃણાલ વાઘેલા દ્વારા સંકલિત બાળ સુરક્ષા યોજના, તેમાં સમાવિષ્ટ પાલક માતા-પિતા યોજના અને ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતી બાબતે માહિતી આપવામાં આવેલ.

જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડીઆદના સુરક્ષા અધિકારી (બિનસંસ્થાકિય સંભાળ) કૃણાલ વાઘેલા દ્વારા કાર્યક્રમમાં સહકાર આપનાર તથા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ. તેમજ સમગ્ર કાર્યક્રમમાં એન્કરીંગનો કાર્યભાર ત્રિભોવનભાઈ મકવાણા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. આ સમગ્ર તાલીમ કાર્યક્રમમાં અંદાજે ૧૯૭ જેટલા જુદી જુદી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકોએ ભાગ લીધો હતો.